ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૨.૨ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૭૨ ટકા

# સિવિલમાં ઓગસ્ટમાં સાદા તાવના ૧૧૫૯ કેસ નોંધાયા

## ગત માસ દરમિયાન ઝાડા-ઉલ્ટીના-૮૬૨, ટાઈફોઈડના-૮૯, મેલેરીયાના-૧૭૫, ટાઈફોઈડના-૮૯, કમળાના-૨૧ અને ડેનગ્યુના-૨૮ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૫

હાલના તબક્કે ગાંધીનગર શહેરમાં બેવડી સિઝનનો અનુભવ નાગરીકો કરી રહ્યા છે. હવામાનની સીધી અસર નાગરીકોના આરોગ્ય પર થતી હોવાથી અને ચોમાસાની સિઝનને પગલે નગરજનો બિમારીનો ભોગ બની રહ્યા છે. તાવ અને ઝાડા-ઉલ્ટીના દર્દીઓ ઘરે ઘરે જોવા મળી રહ્યા છે. ત્યારે શહેરમાં પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળો વકર્યો હોય તેમ લાગી રહ્યું છે. શહેરની સરકારી હોસ્પિટલ તેમજ ખાનગી દવાખાના દર્દીઓથી ઉભરાય છે. મોડી રાત સુધી ડોક્ટરોના ઘરે અને કલીનીક પર દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે. ત્યારે સિવિલ હોસ્પિટલના ચોપડે ઓગસ્ટમાસમાં ઝાડા-ઉલ્ટીના-૮૬૨, કમળાના-૨૧, ટાઈફોઈડના-૮૯ મેલેરીયાના-૧૭૫, ડેનગ્યુના-૨૮ તેમજ સાદા તાવના ૧૧૫૯ કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં ચોમાસાની સિઝન હોવા છતા વરસાદ મનમુકીને વરસતો નથી. આકાશમાં ગોરંભાયેલા વાદળો હમણા શહેર પર તુટી પડશે તેવું લાગે છે, પણ સામાન્ય ઝરમર વરસાદ વરસતા નાગરીકો પણ હેરાન પરેશાન થઈ ગયા છે. સતત ભેજવાળા વાતાવરણને પગલે અને ચોમાસાની ખદબદતી ગંદકીને કારણે મચ્છરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. મચ્છરોના ત્રાસથી નાગરીકો શાંતિથી સુઈ પણ શકતા નથી. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં ઘરે ઘરે બિમારીના ખાટલા જોવા મળે છે. તાવ, ઝાડા-ઉલ્ટીના કેસ વધુ જોવા મળી રહ્યા છે. જેથી વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળો વકર્યો હોય તેમ લાગી રહ્યું છે. રોગચાળાની ભિતી વચ્ચે શહેરમાં બિનદાસ્ત બિનઆરોગ્યપ્રદ ખોરાકની લારીઓ ધમધમી રહી છે. આરોગ્ય વિભાગના કર્મચારીઓ રોગચાળાને કાબુમાં કરવા અસરકારક કામગીરી કરી રહ્યા છે. ત્યારે સિવિલ હોસ્પિટલ દર્દીઓથી ભરેલી છે, તો બીજી તરફ ખાનગી દવાખાનામાં પણ મોડી રાત સુધી ધમધમી રહ્યા છે. ત્યાં પણ દર્દીઓની લાંબી લાઈનો લાગેલી હોય છે. ત્યારે ડોકટરોના મતે ગંદકી અને મચ્છરોની આ સિઝનમાં નાગરીકોએ ખોરાક પર પણ વિશેષ ધ્યાન રાખવું અત્યંત જરૂરી બની રહે છે.

## પંચદેવના મેળામાં રોટરી કલબની 'જલ સેવા'



ગાંધીનગરના પંચદેવ મંદિરે જન્માષ્ટમીના પાવન પર્વે પરંપરાગત લોકમેળો ભરાયો હતો. જેમાં શહેર ઉપરાંત આસપાસના ગ્રામીણ વિસ્તારના મુલાકાતીઓ મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. શહેરની રોટરી કલબ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ મેળાના મુલાકાતીઓ માટે પીવાના પાણીની પરબ સેવા પુરી પાડવામાં આવી હતી જેનો ખૂબ મોટી સંખ્યામાં દર્શનાર્થીઓએ લાભ લીધો હતો.

## સોમનાથ મહાદેવ મંદિર ખાતે મહાઆરતી અને લઘુરૂદ્રનું આયોજન

ગાંધીનગર, તા.૫

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર સંચાલિત શ્રી સોમનાથ મહાદેવ મંદિર સમિતિ દ્વારા આગામી તા.૯ સપ્ટેમ્બર રવિવારના રોજ અમાસ અને શ્રાવણમાસના અંતિમ દિવસે શ્રી સોમનાથ મહાદેવ મંદિર સેકટર-૧૬ ખાતે વિવિધ કાર્યક્રમો અંતર્ગત સવારે લઘુરુદ્રનું આયોજન કરવામાં આવેલ છે. અને સાંજે મહાદેવના શ્રીંગાર દર્શન સાથે મહા આરતી અને પ્રખ્યાત શીવભજનીક નિલેશ વ્યાસ દ્વારા સુંદર શીવ ભજનો રાખવામાં આવેલ છે. લઘુરુદ્રમાં બેસવા માટે જે કોઈ બ્રહ્મસમાજના સભ્યોએ નામ નોંધાવવા હોય તેમણે શ્રી સોમનાથ મંદિર સે-૧૬ ગાંધીનગર ખાતે સંપર્ક કરવો. ભજન અને આરતીનો લાભ લેવા સાંજે ૭ કલાકે પધારવા સર્વ ધર્મપ્રેમીઓને શ્રી સોમનાથ મહાદેવ સમિતિ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## બજરંગ દળ દ્વારા લવરાત્રી ફિલ્મનો વિરોધ

ગાંધીનગર, તા.૫

બજરંગ દળ દ્વારા સલમાન ખાન પ્રોડકશનની ફિલ્મ લવરાત્રી નો સખ્ત વિરોધ કરવામાં આવે છે. ફિલ્મનું નામ લવરાત્રી નહીં બદલવામાં આવે તો બજરંગ દળ દ્વારા વિરોધ નોંધાવી ઉગ્ર આંદોલન કરવામાં આવશે. આ અંગે થિયેટરોના માલિકો તેમજ સંચાલકોને પણ ફિલ્મ લવરાત્રી નહીં દર્શાવવા માટે બજરંગ દળ દ્વારા તાકીદ કરવામાં આવી છે. તેમ બજરંગ દળ જિલ્લા સંયોજક શકિતસિંહ ઝાલાએ જણાવ્યું છે.

## ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના અધ્યક્ષને અનુ.જાતિના ઉમેદાવારોએ અન્યાય અંગે આવેદન પત્ર પાઠવ્યું

ગાંધીનગર, તા.૫

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ ગુજરાત રાજ્ય દ્વારા તાજેતરમાં આંકડા મદદનીશ, સ્ટાફનર્સ, મુખ્ય સેવિકાની ખાલી જગ્યાઓ ઉપર સીધી ભરતી કરવાની જાહેરાત આપવામાં આવી હતી. તેમાં દરેક જાતિઓની જગ્યાઓ ખાલી (ભરવાપાત્ર) દર્શાવેલ હતી. જયારે ફકત અનુસૂચિત જાતિની ૭ ટકા પ્રમાણે ભરવાપાત્ર થતી જગ્યાઓ કરતા ઓછી જગ્યાઓ ખાલી દર્શાવવામાં આવી છે. જે ખરેખર અન્યાય થયો હોવાનું ઉમેદવારો માની રહ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ અનુ.જાતિની જગ્યાઓ નિયમ પ્રમાણે ભરવામાં આવે તેમજ આ જાહેરાતોમાં અમારી ભરવાપાત્ર થતી જગ્યાઓ ભરવામાં આવે અને દૈનિક વર્તમાન પત્રોમાં સુધારો વધારો કરેલો હોય તો તેની જાણ કરવામાં આવે તેવી રજુઆત ઉમેદવારો કરી રહ્યા છે. આ જાહેરાતોમાં ફકત અનુ. જાતિની જગ્યા ભરાયેલી બતાવવામાં આવી છે. તો કયા વર્ષમાં કઈ તારીખની જાહેરાતથી આ જગ્યાઓ ભરવામાં આવી હતી તેની પણ યોગ્ય તપાસ કરી ન્યાય મળે તે પ્રકારની કાર્યવાહી કરવી ઉમેદવારોએ જણાવ્યું છે. તે ઉપરાંત અનુ. જાતિની ભરવાપાત્ર થતી જગ્યાઓ પર થયેલા અન્યાય અંગે ઘટતી કાર્યવાહી કરવી અને કરેલી હોય તે કાર્યવાહીની જાણ કરવા ઉમેદવારે જણાવ્યું છે. આ અંગે યોગ્ય ન્યાય નહીં મળે તો ઉમેદવારે કોર્ટ કચેરીનો આશરો લેવાની પણ તૈયારી દર્શાવી છે.

## જિલ્લાના પાંચ વર્ષ સુધીના બાળકોને ૭મી એ સુવર્ણ પ્રાશનના ટીંપા પીવડાવાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લાના આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનાઓમાં વિના મૂલ્યે સુવર્ણપ્રાશનના ટીંપા તા. ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ સવારના ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમ્યાન પીવડાવવામાં આવશે.

જિલ્લા આયુર્વેદ અધિકારી ભાવનાબેન પટેલે જણાવ્યું છે કે, આયુર્વેદ શાસ્ત્રમાં બાળકોના સ્વાસ્થ્ય વધારવા માટે ઘણા ઉલ્લેખ છે. બાળકાના ઉત્તમ સ્વાસ્થ્ય તથા તંદુરસ્તી માટે આયુર્વેદમાં બ્રાહ્મિ, શંખપુષ્પી જેવા દિવ્ય મેઘાવર્ધક ઔષધો છે. જે બાળકને પુષ્ય નક્ષત્રમાં ચટાડવાના હોય છે. પુષ્ય નક્ષત્ર બધા નક્ષત્રમાં સૌથી બળવાન છે. આ નક્ષત્રમાં કરેલ કોઈ પણ કાર્યની અસર તેના પછીના પુષ્ય નક્ષત્ર સુધી રહે છે. આથી સુવર્ણપ્રાશન પુષ્ય નક્ષત્રમાં કરવામાં આવે છે. તેથી તે ઉત્તમ ફળદાયી સાબિત થાય છે.

આ માટેની ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમીનીસ્ટ્રેટર, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત ઔષધ વિના મૂલ્યે વસુધૈવ કુટુમ્બકમ સંસ્થાએ ડાૅ. દવે સુવર્ણામૃત શીરપ નામથી પુરી પાડવામાં આવી છે.

આ સુવર્ણ પ્રાશનના ટીંપા ગાંધીનગર તાલુકાના પોર, જમીયતપુરા, સરઢવ, કુડાસણ, મગોડી, ટીંટોડા, દોલારાણા વાસણા, ડભોડા, અમીયાપુર, ચિલોડા, સે-૭, સે-૨૯ અને સીવીલ આયુર્વેદ તથા હોમિયોપથી ઓપીડી ખાતે પીવડાવવામાં આવશે. તા. ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ ગાંધીનગર જિલ્લાના બાળકોને સુવર્ણ પ્રાશનના ટીંપા પીવડાવવામાં આવનાર છે.

## દારૂની હેરાફેરી દરમિયાન અકસ્માત થતા કાર મુકીને ભાગી ગયેલો બુટલેગર ઝડપાયો

### કોબા પાસે દારૂ ભરેલી સ્વીફ્ટ કાર અકસ્માત સર્જાયો હતો : એલસીબીએ બુટલેગરની ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૫

થોડા મહિનાઓ પહેલા મહેસાણાથી અમદાવાદ તરફ જવા નીકળેલી સ્વીફ્ટ ગાડીને કોબા સર્કલ નજીક અકસ્માત નડ્યો હતો. પોલીસે આ ગાડીમાં તપાસ કરી તો અંદરથી દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. તો બીજી તરફ કાર ચાલક પોતાની કાર મુકીને ભાગી ગયો હતો. દારૂની હેરાફેરી આ ગાડીમાં થઈ હોવાનું ધ્યાને આવતા પોલીસે ગુનો દાખલ કર્યો હતો. ત્યારથી બુટલેગર આ ગુનામાં નાસતો ફરતો હતો. ગાંધીનગર એલસીબીની ટીમને બાતમી મળી હતી કે આ ગાડીમાં જે વ્યક્તિ દારૂની હેરાફેરી કરી રહ્યો હતો તે શખ્સ મહેસાણાનો સન્ની હતો. હાલ આ શખ્સના તેના ઘરે હોવાની માહિતીને આધારે એલસીબીની ટીમે મહેસાણામાં જઈને તેના ઘરેથી આરોપીને પકડી પાડયો હતો.




ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી પુરોહિતની ટીમના જમાદાર ભવાનસિંહને બાતમી મળી હતી કે થોડા મહિનાઓ અગાઉ કોબા સર્કલ નજીક અકસ્માત ગ્રસ્ત બિનવારસી ગાડી મૂકીને ફરાર થઈ ગયેલો બુટલેગર મહેસાણા પોતાના ઘરે છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમે મહેસાણાના બુટલેગર સન્ની ઉર્ફે અરબસિંહ રામવીરસિંહ રાજપુતની ધરપકડ કરી લીધી છે. ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં તેની સામે દારૂની હેરાફેરી કરવાનો ગુનો દાખલ થયેલો છે. એલસીબીની ટીમે ધરપકડ કરી સઘન પુછપરછ શરૂ કરી છે.



## હેત ફાઉન્ડશન ખાતે હીના ત્રિવેદીએ ઉજવ્યો 'ટીચર્સ ડે'

સેકટર-૭માં માનસિક વિશિષ્ટ બાળકોને વોકેશનલ તાલીમ પુરી પાડતા હેત ફાઉન્ડેશનના ટ્રેનિંગ સેન્ટર ખાતે આજે શિક્ષક દિન ઉજવાયો હતો. જેમાં તાજેતરમાં સેરેબ્રલ પાલ્સી વર્લ્ડ ગેમ્સમાં સ્પેન ખાતે ભાગ લેનાર ગાંધીનગરની આંતરરાષ્ટ્રીય એથ્લેટિકસ ખેલાડી હિના ત્રિવેદીએ બાળકોને ભણાવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છેકે હીના ત્રિવેદી પોતે પણ હેત ફાઉન્ડેશનની તાલીમાર્થી રહી ચુકી છે.

## સેકટર-૭-ડીના વસાહતીઓનો સન્માન સમારંભ સંપન્ન



ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ અને ગાંધીનગર શહેરીજન સંસ્થા સેકટર-૭-ડીની સંયુકત વાર્ષિક બેઠક યોજાઈ હતી. સાથે સાથે તેજસ્વી તારલાઓનું સન્માન યોજવામાં આવ્યું હતું. ૭૫ વર્ષના વડીલો મધુકરભાઈ પરમાર, ડાૅ. ચંદુલાલ પટેલ, સી.આર. મોદી વગેરેનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હિસાબો રજુ કરવામાં આવ્યા હતા જેનો સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા. સુમંતભાઈ શાહે ગંધીજી ઉપર સદવાંચન કરી તેની મીમાંસા રજુ કરી હતી.

કોર્પોરેટર નાઝાભાઈ ઘાંઘર, કાર્તિકભાઈ પટેલ, પાર્વતીબેન પરમારનો આભાર માનવામાં આવ્યો હતો. જે.ડી. દવે, કિરીટભાઈ અગ્રાવત, અનિલભાઈ બારોટ વગેરે મહાનુભાવોનો સંસ્થાએ આભાર માન્યો હતો.

આ પ્રસંગે ભૂતપૂર્વ વડાપ્રધાન અટલજી, મા.પૂ. તરૂણસાગરજી તથા સે-૭-ડીના દિવંગતો માટે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ તથા ગાંધીનગર શહેરીજન સંસ્થાએ ૨૫ વર્ષ પૂર્ણ કર્યા છે તેમ પ્રમુખ જયંતભાઈ ભટ્ટે જણાવ્યું હતું.

આ પ્રસંગે સે-૭-ડીના વસાહતીઓ ઉપસ્થિત રહ્યા હતા તથા ભૂપતભાઈ ભૂતડીયા, ગૌસ્વામી તથા કાન્તિભાઈ પટેલ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. જે વડીલો હાજર રહી શકયા નથી તેમને અનુકુળતાએ ઘેર શાલ ઓઢાડવામાં આવશે.

## કડી સંકુલની મહિલા કર્મચારીઓનો બોનમેરો ડેન્સિટી ટેસ્ટ કરાયો



ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા તાજેતરમાં કેએસવી સંકુલની મહિલા કર્મચારીઓના બૉનમેરો ડેન્સિટી ટેસ્ટ બીએમડીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૫ મહિલા કર્મચારીઓમાંથી ૪૫ને કેલ્શિયમની ઉણપ જણાઈ હતી. આ પ્રસંગે સેવા આપનાર શહેરના જાણીતા ઓર્થોપેડિક તબીબ ડૉ. મુકુલ પંડિત તથા ડૉ. વિવેક વાછાણી દ્વારા આ મહિલાઓને રાખવાની જરૂરી તકેદારીઓથી માહિતગાર કર્યા હતા.



ગાંધીનગર જિલ્લાના નાદરી ચાંદીસણા પ્રાથમિક શાળામાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ શિક્ષકની ભૂમિકા નિભાવી હતી.

# ગુડાના ડૉર ટુ ડૉર કલેકશનમાં વાવોલમાં ધાંધિયા

## ડોર-ટુ-ડોર વેસ્ટ કલેકશનના નાણાં ઉઘરાવ્યા હોવા છતાં સેવા બંધ કરાતા રહીશો ત્રસ્ત

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના સૌથી નજીકના ગુડા વિસ્તાર વાવોલના રહીશો ફરી એક વાર ગુડાના ડૉર-ટુ-ડૉર વેસ્ટ કલેકશનમાં છેતરાયાની લાગણી અનુભવી રહ્યા છે. એક તરફ જયાં ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવાની ગુલબાંગો પોકારાઈ રહી છે ત્યાં બીજી તરફ વાવોલ જેવા ગુડા વિસ્તારમાં તંત્ર એ ડૉર-ટુ-ડૉર કલેકશન માટે નાણાં ઉઘરાવ્યા હોવા છતાં આ સેવા બંધ કરીને માત્ર સોસાયટીઓમાં વેસ્ટ કલેકશન વાન ફેરવી દેવામાં આવે છે જેના કારણે રહીશોને અગવડનો સામનો કરવો પડી રહ્યો છે.

ગુડા દ્વારા વાવોલમાં ડૉર-ટુ-ડૉર કચરો લઈ જવા માટે પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો હતો અને તે માટે વાવોલની નવ નિર્મિત સોસાયટીઓમાંથી ઘર દીઠ કલેકશન ચાર્જ પણ ઉઘરાવવામાં આવે છે. જેને સોસાયટી પાસેથી સામટો કલેકટ કરી લેવાય છે. ડૉર-ટુ-ડૉર વેસ્ટ કલેકશન ચાર્જ ઉઘરાવ્યા પછી વસાહતીઓને આ સેવા પુરી પાડવામાં આવી હતી પરંતુ અચાનક હવે ડૉર-ટુ-ડૉર કલેકશનના બદલે સોસાયટીમાં કચરો એકત્ર કરવાની ગાડી મોકલી દેવામાં આવી રહી છે. જેના કર્મચારીઓ ડૉર-ટુ-ડૉર કચરો ઉઘરાવવા જતા નથી. વાવોલની નવ વિકસિત સોસાયટીમાં મોટા ભાગનો ખાનગી નોકરિયાત વર્ગ રહે છે જેઓ વહેલી સવારે નોકરીએ જતા પોતાની ડસ્ટબીનો ઘરના દરવાજે મુકીને જાય છે જેથી ડૉર-ટુ-ડૉર કલેકશનના કર્મચારીઓ આવીને કચરો લઈ જાય તેવી વ્યવસ્થા ગોઠવાયેલી હતી. હવે છેલ્લા કેટલાક દિવસથી આ કર્મચારીઓ રાત્રે નોકરીથી પરત ફરે ત્યારે જુએ છે કે ડસ્ટબીન ખાલી થઈ નથી ત્યારે આશ્ચર્ય પામે છે. તપાસ કરતા ખબર પડી કે હવે ઘરે કચરો લેવા કોઈ નથી આવતું પરંતુ બપોરે ગાડી આવે છે તેના કર્મચારીઓ આ ડસ્ટબીન સુધી આવતા નથી એટલે તેમનો કચરો એકઠો થયાં કરે છે.

અત્યારે સોસાયટીઓમાં આવતી વેસ્ટ કલેકશન વાનના કર્મચારીઓ સોસાયટીમાં આવીને ગાડીનું હોર્ન વગાડે છે અથવા તો એકાદ બે વાર કચરો આપી જવા માટે બુમ પાડે છે પરંતુ જે એપાર્ટમેન્ટમાં સોસાયટીના મુખ્ય રસ્તાની બીજી તરફ જેમના ફલેટ છે અથવા ટેનામેન્ટ સોસાયટીના મુખ્ય રસ્તા તરફ નથી તે વસાહતીઓને તો ખબર નથી પડતી કે કયારે કચરો ઉઘરાવવા ગાડી આવીને જતી રહી જેના કારણે તેમનો કચરો રહી જાયછે. જેનો છેવટે જાતે બહાર નિકાલ કરવા જવું પડે છે જેથી આ વિસ્તારમાં કચરાના ઢગ ખડકાય છે. વાવોલના વસાહતીઓનો સવાલ છે કે જયારે અમે ડૉર-ટુ-ડૉર કલેકશન માટે નાણાં અગાઉથી ભરી દીધા છે તો શા માટે આ સેવા બંધ કરવામાં આવી??

### વાવોલ સાથે ગુડાનું ઓરમાયું વર્તન કેમ?

ગુડા દ્વારા કુડાસણ, સરગાસણ, રાયસણ કે રાંદેસણ વિસ્તારમાં અનેક સુવિધાઓ જેવી કે બાગ બગીચા, કોમ્યુનિટી હોલ, જી-બાઈક સાયકલ સ્ટેન્ડ વગેરે પુરી પાડવામાં આવી છે પરંતુ ગાંધીનગરની સૌથી નજીક વસાહત ધરાવતા વાવોલને આ સુવિધાઓથી વંચિત રખાયું છે. વાવોલમાં ગુડાએ વિકસાવેલ તળાવ પણ તેમાં પાણી નહી ભરવાને કારણે ગંદકીનું ઘર બની ગયું છે ત્યારે આ સવાલ વાવોલના રહીશોને સતાવી રહ્યો છે.



## છેલ્લા બે વર્ષથી નાસતો-ફરતો આરોપી ઝડપાયો

પ્રાપ્ત માહિતી મુજબ પોલીસ અધિકારીઓની સુચના અને માર્ગદર્શન હેઠળ એસઓજી શાખાના એએસઆઈ જયંતિભાઈ ચેહરાભાઈ તેમજ હે.કો. હિતેન્દ્રસિંહ ભોપાલ સિંહ, મુકેશસિંહ અણદુસિંહ, પો.કો. જયદિપસિંહ કામગીરી કરી રહ્યા હતા તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે પેથાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુનાનો આરોપી રણજીતજી રઈજીજી ઠાકોર મુળ રહે. ચારોલ, તા.કડી, જી. મહેસાણા છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો છે અને તે વિરમગામ તાલુકાના કરકથલ ગામે રહે છે તેવી બાતમીના આધારે તેને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી પેથાપુર પોલીસને સોંપવાની કામગીરી કરવામાં આવી છે.

### ચિરવિદાય

- સ્વ. ડાભી નેનાજી રણછોડજી, ઉ.વ. ૮૧